જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૩/૨૦૧૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૪૬૯/૧૬

## મોરબી સિટીમા ટાઇલ્સના વેપારીઓ સાથે છેતરપીંડી ના કેસમા નાસતો ફરતો આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના સ્કોડનાં પોલીસ સબ ઇન્સપેકટર આર.આઇ.જાડેજા તથા પોલીસ સબ ઇન્સપેકટર એસ.એન.દેસાઇ નાઓના સ્કોડના માણસો ગુન્હા શોધી કાઢવા તથા નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવાની કાર્યવાહી કરતા હતા તે દરમ્યાન મોટા વેપારીઓ પાસેથી મોટા પાયે ટાઇલ્સો ની જથ્થાબંધ ની ખરીદી કરી માલ સામાન બારોબાર વેચી દઇ મોટા વેપારીઓ ને ચુનો લગાડી નાસી જનાર નૈનેષ ઉર્ફે સાગર S/O ધર્મેશકુમાર જાતે મોદી ઉવ.૨૬ ધંધોઃ- વેપાર, રહે. મ.નં.૧૩, સુનિતા એપાર્ટમેન્ટ, હરિદર્શન સોસાયટી, ગાયત્રી હોસ્પીટલ સામે, કિરણ પાર્ક પાસે, ભીમજીપુરા, નવા વાડજ, અમદાવાદ નાને તા.૧૧/૦૩/૨૦૧૬ ના કલાક ૧૯/૩૦ વાગે પકડી અટક કરેલ છે.

આ કામે આરોપીની પુછપરછ કરતા આરોપી મુળ અમદવાદ શહેરમાં વાડજ ખાતે તેના પરિવાર સાથે રહે છે અને સાબરમતી વિસત પેટ્રોલપંપ પાસે ફોરડી મોલમા પાસપોર્ટ તથા વિઝા અને લોનનુ કામકાજ કરે છે અને સને ૨૦૧૩ મા પોતાના મિત્ર સંદીપ ચૌહાણ તથા કલ્પેશ રખસીયા તથા બીજા મિત્રો સાથે મલી મોરબી આવકાર હોટલ મા રહી એક ઓફિસ બનાવી ટાઇલ્સોની જથ્થાબંધ ખરીદી કરી બારોબાર વેચી દીધેલ અને વેપારીઓને પેમેન્ટ નહી કરી ઓફિસ બંધ કરી નાસી ગયેલ અને પાટણ ખાતે પણ પોતે કલ્પેશ રાખશીયા સાથે મળી મોબાઇલ શોપ ચાલુ કરી મોબાઇલ નો જથ્થાબંધ સામાન ખરીદ કરી અને ચેક થી પેમેન્ટો કરી ચેક રીટર્ન કરાવી નાસી ગયેલ છે

આમ પકડાયેલ આરોપીએ મોરબી સિટી એ ડિવીઝન પોલીસ સ્ટેશનમા સોપવા તજવીજ કરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.